અપીલ અરજી નં.૫૦ તા.૩૦–૪ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)
ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જા.મા.અ. (યુસીડી)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૨૯–૩–૧૧ની અરજીથી સુ.મ.પા. એ સને ૨૦૦૯ અને ૨૦૧૦ માં જે બી.પી.એલ કાર્ડ બનાવીને લોકોને આપેલ પરંતુ ઘણાં બધા લોકોને બી.પી.એલ. કાર્ડ મળેલા નથી. કયારે કાર્ડ આપવાના છો એની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૩૦–૪–૧૧ ની **SMC/FAP/** નં.૫૦/૨૦૧૧–૧૨

શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૨૯–૩–૧૧ની અરજીથી સુ.મ.પા. એ સને ૨૦૦૯ અને ૨૦૧૦ માં જે બી.પી.એલ કાર્ડ બનાવીને લોકોને આપેલ પરંતુ ઘણાં બધા લોકોને બી.પી.એલ. કાર્ડ મળેલા નથી. કયારે કાર્ડ આપવાના છો એની માહિતિ આપવા બાબતે નિયત સમયઅવધિમાં કોઈ નિર્ણય મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ આપનો પક્ષ રજુ કરવા સાથે વરાછાઝોન ખાતે મળેલ અપીલના તબદીલીની વિગતો મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૭૫ તા.૯–૫–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જા.મા.અ. (યુસીડી) તથા અરજદારને મુળ અરજી તેમની જાણ હેઠળ કોઈ તબદીલીની વિગતો હોય તો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી યુસીડી તરફથી પત્ર નં.યુસીડી/૧૬૪ તા.૧૬–૫–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, વરાછાઝોન તરફથી નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૮૫૪ તા.૨૯–૩–૧૧ જાહેર માહિતી અધિકારી યુસીડીને તબદીલ કર્યા અંગે પત્રની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.યુસીડી/૫૧ તા.૧૧–૪–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૯–૩–૧૧ ની અરજીથી સુરત મહાનગરપાલિકાએ બીપીએલ કાર્ડ બનાવી આપવા માટે રૂા.૫/– ના કિંમતના ફોર્મનું વેચાણ વરાછાઝોન ધ્વારા કરવામાં આવેલ. વરાછાઝોન વિસ્તારના લોકોએ વરાછાઝોનમાંથી રૂા.૫/– ના ફોર્મ લઈ અને ફોર્મમાં દર્શાવ્યા મુજબની વિગત ભરીને ફોર્મ વરાછાઝોનમાં જમા કરી એની પહોંચ દરેક વ્યકિતએ મેળવી લીધેલ છે. સુરત મહાનગરપાલિકાએ સને ૨૦૦૯–૧૦ માં જે બીપીએલ કાર્ડ બનાવીને લોકોને આપેલ પરંતુ ઘણા બધા લોકોને બીપીએલ કાર્ડ મળ્યા નથી? કયારે કાર્ડ આપવાના છો એની માહિતી?

સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓએ બીપીએલ કાર્ડ માટે આપવા આવેલા ત્યારે જેમનું નામ બીપીએલ કાર્ડમાં હતું એમની પાસેથી રોકડા રૂા.૧૦/– લઈને બીપીએલ કાર્ડ આપેલા છે પરંતુ જેમને બીપીએલકાર્ડના ફોર્મ ભરેલા હતાં તે બધાને બીપીએલ કાર્ડ મળેલા નથી. બાકી રહી ગયેલા તેની પાસે ફોર્મ જમા કરેલ રસીદ છે એવા રહી ગયેલા લોકોને બીપીએલ કાર્ડ કયારે મળશે? એની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જે વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૮૫૪ તા.૨૯–૩–૧૧ થી જાહેર માહિતી અધિકારી યુસીડીને તબદીલ કરવામાં આવેલ. જે બાબતે અરજદારે નિયત સમય અવધિમાં કોઈ જવાબ મળેલ નથી તેવું જણાવી તા.૩૦–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.યુસીડી/૫૧ તા.૧૧–૪–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને માહિતી પૂરી પાડયાની નકલ રજૂ કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી યુસીડી તરફથી " બીપીએલ યાદીની પ્રસિધ્ધિ બાદ નામ દાખલ કરવા સંદર્ભે શહેરી સ્લમ વિસ્તાર અને સ્લમ વિસ્તાર સિવાયના અરજદારો તરફથી બીપીએલ કાર્ડ મેળવવા માટે ( કુલ ૨,૨૮,૩૩૯) અરજી ફોર્મ મળેલ. સદરહુ મળેલ અરજી ફોર્મની સ્થળ ચકાસણી સહિતની પ્રક્રિયા બાદ પાત્રતા ધરાવતા કુંટુંબોની બીપીએલ યાદી તૈયાર કરી પ્રસિધ્ધિ કરવામાં આવેલ. સદરહું યાદીમાં જે અરજદારોના નામનો સમાવેશ ન થયેલ હોય તેવા તમામ કુંટુંબોના અરજી ફોર્મ રદ થયેલ ગણાય. જયારે નવા બીપીએલ કાર્ડ ઈસ્યુ કરવાની કામગીરી થતી નથી. તેવું જણાવેલ છે. આમ અરજદારે માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી સમય મર્યાદામાં પૂરી પાડવામાં આવેલ છે. આથી અપીલ અરજી અંગે કંઈ કરવાનું રહેતું નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯–૩–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિમાં પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. પરંતુ અપીલમાં માહિતી નહીં મળ્યાની રજૂઆત બાબતે અરજદારને પુનઃ નકલ પૂરી પાડવા ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી યુસીડીને જણાવવામાં આવે છે.

(જે.એમ. પટેલ)
ડે.કમિશ્નર (પીએન્ડડી)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :      –૬–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર  અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ,ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (યુસીડી)...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ